ગાંધીનગર સમાચાર

ગાંધીનગર તાપમાન
મહત્તમ : ૩૩.૬ ડીગ્રી
લઘુતમ : ૧૫.૦ ડીગ્રી
ભેજ
સવારે ૭૫ ટકા ● સાંજે ૫૨ ટકા

# દિવાળીમાં પંચગવ્ય દીવા પ્રગટાવવાનો નવો ટ્રેન્ડ




## ગાયથી પ્રાપ્ત થયેલ દ્રવ્યથી બનેલા આ ઈકોફ્રેન્ડલી દીવા પ્રગટાવવાનો યુવાનોમાં આ વર્ષે ક્રેઝ

ગાંધીનગર, તા.૪

કોરોના દિવાળી આવી રહી છે ત્યારે કોઈ પણ મોટું સેલિબ્રેશન થાય ન થાય પણ દરેકના ઘરમાં દીવડા જરૂરથી પ્રગટશે. આ વર્ષે શહેરમાં દીવડાનું વેચાણ શરૂ થઈ ગયું છે. જેમાં માટીના દીવડા સાથે આ વર્ષે ગોમય દીપ પણ આવ્યા છે. જે પંચગવ્ય-દૂધ, દહીં, ઘી, ગૌમૂત્ર અને ગોબરથી બને છે.

દિવાળીમાં જો દીવા ન થાય તો દિવાળી ન કહેવાય તેવું મોટાઓ કહે છે. ભારતીય સંસ્કૃતિમાં દીવા પ્રગટાવવાનું અનેરૂં મહત્વ છે. શુભકાર્યો, પ્રસંગે કે તહેવારોમાં દીવા પ્રગટાવીને જ મુહુર્ત કરાય છે ત્યારે આ વર્ષે યુવાનો સાથે ઘણા મોટાઓએ કામધેનુ પ્રોજેકટ અંતર્ગત કાઉડંગથી બનાવેલ દીવાને પ્રગટાવવાનો નિયમ લીધો છે ત્યારે શહેરમાં પણ આ દીવાનું વેચાણ થઈ રહ્યું છે. મુખ્યત્વે આ દીવાને પંચગવ્ય દીવા કહેવાય છે જે ગાયથી પ્રાપ્ત થયેલ પાંચ દ્રવ્ય-દૂધ, દહીં, ઘી, ગૌમૂત્ર અને ગોબરથી બને છે. આ દીવા ઘરના હવન માટે તથા સ્વાસ્થ્ય માટે ઉપયોગી છે તથા આ દીવા પ્રગટાવવાથી હવામાં તફાવત જણાય છે. આ એન્ટી બેકટેરીયલ છે, રોગપ્રતિકારક શકિતમાં વધારો કરે છે સકારાત્મક ઉર્જા ફેલાવે છે. વાસ્તુદોષ દૂર કરે છે, ઈકો ફ્રેન્ડલી છે, હવા શુધ્ધ કરે છે તથા અસાધારણ માત્રામાં ગેસ ઉત્પન્ન કરે છે જે અસરકારક રીતે પ્રદૂષણ સામે લડે છે.





## અડાલજ-ચાંદખેડા માર્ગ પર રીક્ષા-ટ્રક વચ્ચે અકસ્માત : ૧ ને ઈજા

ગાંધીનગર, તા.૪

અડાલજ થી ચાંદખેડા તરફ જઈ રહેલી રીક્ષાને એફસીઆઈ ગોડાઉનની સામે ગતરોજ સાંજના સુમારે ટ્રક ચાલકે ગફલતભરી રીતે હંકારી રીક્ષાને ટક્કર મારતા રીક્ષા રોડ પર ફંગોળાઈ ગઈ હતી. જેમાં રીક્ષા ચાલકને શરીરે ઈજાઓ પહોંચી હતી. ઈજાગ્રસ્તને સારવાર માટે તાત્કાલીક ગાંધીનગર સિવિલ ખસેડાયો હતો. જયારે અકસ્માતને પગલે ટ્રાફિકજામ થતા ચાલક ટ્રક મુકીને ભાગી ગયો હતો. બનાવ અંગે અડાલજ પોલીસ મથકે ફરીયાદ નોંધાતા પોલીસે ફરાર ટ્રક ચાલકને પકડી પાડવા માટે ચક્રો ગતિમાન કર્યા છે.

પોલીસ સુત્રો દ્વારા મળતી વિગત મુજબ ચાંદખેડા આઈઓસી માર્ગ પર કમલકુંજ સોસાયટી ખાતે એ-૯ ખાતે રહેતા રજનીકાંત સોમાભાઈ વાઘેલા (ઉ.૩૯) ભાડે થી રીક્ષા ચલાવીને પરિવારનું ગુજરાન ચલાવે છે. ગતરોજ સાંજના સુમારે ફરીયાદી રીક્ષા નં.જી.જે. ૦૧.ટી.એ.-૭૪૪૯ ચાંદખેડા થી કલોલ ગયા હતા અને ત્યારબાદ ચાંદખેડા પરત આવી રહ્યા હતા.તે સમયે અડાલજ એસપીઆઈ ગોડાઉનની સામે માર્ગ વચ્ચે કટ હોઈ તેમાંથી ગોડાઉન તરફથી એક ટ્રક નં.જી.જે.૧૮.એ.યુ.-૯૫૭૯ ચાલકે મેઈન માર્ગ પર રીક્ષાને ટક્કર મારી હતી. જેથી રીક્ષા ફંગોળાઈ દુર જઈ પડતા ચાલકને ઈજા પહોંચી હતી. ઈજાગ્રસ્તને તાત્કાલીક ૧૦૮ દ્વારા ગાંધીનગર અને વધુ સારવાર માટે અમદાવાદ લઈ જવાયા હતા. રીક્ષા ચાલકને કપાળ-હોઠ અને નાકના ભાગે તેમજ જમણા હાથે અને બંને પગે ઈજા પહોંચી હતી. સારવાર બાદ રીક્ષા ચાલક સ્વસ્થ છે.જયારે બનાવ અંગે રજનીકાંત વાઘેલાની ફરીયાદ નોંધી અડાલજ પોલીસે ફરાર ટ્રક ચાલકને પકડી પાડવા માટે ચક્રો ગતિમાન કર્યા છે.




દિવાળી નજીક આવતા ધીમે ધીમે તેનો ઉત્સાહ જોવા મળી રહ્યો છે કોરોના કાળમાં ઉત્સવોની ઉજવણીનો ઉલ્લાસ જામી રહ્યો છે. કોરોનાના ડરમાંથી ધીમે ધીમે બહાર નીકળેલા લોકો બજારોમાં જોવા મળ્યા છે. ખરીદીનો ઉત્સાહ વધતા અવનવી ચીજવસ્તુઓ બજારમાં જોવા મળી રહી છે. અવનવી ડેકોરેટીવ લાઈટીંગ અને લેમ્પ બજારમાં આવી ગયા છે. પ્રકાશના પર્વ દિવાળીની ઉજવણી માટે આવા લેમ્પ અને લાઈટીંગની ખરીદી મોટા પાયે થઈ રહી છે.

## બસના સમયપત્રક પર જાહેરાત ચોંટાડાતા મુસાફરોમાં રોષ




ગાંધીનગર, તા.૪

તસવીરમાં દેખાતી જાહેરખબર ગાંધીનગર ડેપો ખાતે આવેલા બસ પ્લેટફોર્મની છે અનો ધ્યાનથી જોશો તો ખ્યાલ આવશે કે જાહેરખબર બસના રૂટ અને સમયપત્રક ઉપર જ લગાવી છે. જે કારણે મુસાફરોને બસ આવનજાવનના સામય અનો રૂટ વાંચવામાં તકલીફ પડે છે. જે જોઈને કોઈ પણ સામાન્ય નાગરિકનો ચોકકસપણે પ્રશ્ન થાય જ કે શું ગુજરાત પરીવહન નિગમ એટલું બધું ખોટમાં ચાલે છે કે નાગરિકોની સગવડતાના ભોગે જાહેરખબરોને પ્રાધાન્ય આપવું પડે? અત્રે ઉલ્લેખનીય છે કે આવા સમયપત્રકનો ઉપયોગ ગ્રામ્ય વિસ્તારના લોકો વધુ કરે છે કે જેઓ આધુનિક ટેકનોલોજીમાં એટલા માહિર નથી હોતા કે તંત્રને ધ્યાન દોરી શકે તેવા નિપુણ પણ નથી હોતા. આવી બિનજરૂરી અગવડતાઓ દૂર થાય તે માટે તંત્ર વિચારે અને અમલ પણ કરે.

## ચંદ્રાલા ખેતરમાંથી લીટરલ પાઈપના ૩૫ બંડલ ચોરાયા

ગાંધીનગર, તા.૪

ચિલોડા-હિંમતનગર હાઈ વે પર આવેલા ચંદ્રાલા ગામના ખેતરમાંથી ડ્રીપ ઈરીગેશનના લીટરલ પાઈપના ૩૫ બંડલની ચોરી થવા પામી છે.

પોલીસ સુત્રો દ્વારા મળતી વિગત મુજબ ગાંધીનગરના ચંદ્રાલા ગામે અનિશકુમાર અશોકભાઈ પટેલના ખેતરમાંથી ડ્રીપ ઈરીગેશનના લીટરલ પાઈપના ૩૫ બંડલોની ચોરી થઈ છે. ચિલોડા ખાતે અનિશ પટેલે નોંધાવેલી ફરીયાદ મુજબ ચંદ્રાલા ખાતે તેઓ ખેતી લાયક જમીન ધરાવે છે. બે દિવસ પહેલા તેઓ સાંજે ખેતરેથી ઘરે આવીને બીજા દિવસે સવારે ખેતર ગયા હતા. ખેતરમાં બટાકાના પાકની સિઝન લીધા પછી ખેતરના શેઠા પાસે ડ્રીપ ઈરીગેશનના એક વીટામાં ૪૦૦ મીટરના એક એવા લીટરલ પાઈપના કુલ ૮૦ બંડલો મુકેલા હતા. બંડલો વેર વિખેર લાગતા તેમણે ભાગીયા સાથે મળી બંડલો ગણી પાઈપના ૩૫ બંડલો ગાયબ હતા. એક બંડલના ૨૭૦૦ લેખે ૩૫ બંડલના રૂ.૯૪,૫૦૦ થવા પામે છે. બે દિવસ સુધી પાઈપના બંડલોની શોધખોળ કરવા છતા બંડલો મળી આવ્યા ન હતા. જેથી સમગ્ર મુદે ચિલોડા પોલીસ મથકે ફરીયાદ નોંધાવતા પોલીસે આગળની તપાસ હાથ ધરી છે.

## યુવતિને સાસરી પક્ષ દ્વારા દહેજની માંગ કરીને કેનાલમાં ફેંકી દેવાની ધમકી આપતા ફરીયાદ

ગાંધીનગર, તા.૪

શહેરની યુવતિને સાસરીપક્ષ દ્વારા દહેજની માંગ કરીને કેનાલમાં ફેંકી દેવાની ધમકી આપી હતી. જે મુદ્દે સેકટર-૨૪ પાઠ્યપુસ્તક કોલોની ખાતે રહેતા જલ્પાબેન બાબુભાઈ સેનમાએ સેકટર-૧૬ મહિલા પોલીસ મથકે સાસરી પક્ષના સભ્યો સામે ફરીયાદ નોંધાવતા પોલીસે તપાસ શરુ કરી છે.

પોલીસ સુત્રો દ્વારા મળતી વિગત મુજબ એપ્રિલ-૨૦૦૮ માં તેમના લગ્ન કડીના વામજ ગામના બાબુભાઈ ખોડાભાઈ સેનમા સાતે થયા હતા.લગ્ન જીવનમાં મહિલાને ૮ વર્ષનો દિકરો છે. લગ્ન બાદ મહિલા સાસરી ખાતે રહેતા હતા. જયારે સાસુ રાઈબેન તેમજ પતિ એ ત્રણ વર્ષ સુધી સારુ રાખ્યું હતું. જે કે તે પછી અને સાસુએ સામાન્ય વાતમાં હેરાન પરેશાન કરવાનું શરુ કર્યું હતું. પતિ ઘરખર્ચ માટે પૈસા આપતો ન હતો અને પિયરમાંથી પૈસા લાવવાનું કહીને મારઝુડ કરતો હતો. નણંદ લીલાબેન સંજયભાઈ વડાવીયા (રહે.વેજલપુર), આશાબેન હિતેષભાઈ મકવાણા (નીધરાડ, સાણંદ) અને ભાવનાબેન નગીનભાઈ વાઘેલા (પીરોજપુર કડી) જયારે તેમના ઘરે આવે ત્યારે નણંદો અને સાસુ ભેગા મળી ફરીયાદીને હેરાન પરેશાન કરતા હતા. ફરીયાદીના દિયરના મૃત્યુ બાદ તેમની દેરાણીનું નામ જમીનના ઉતારામાં દાખલ કરાયું હતું. જેથી ફરીયાદીએ પણ પોતાનુ નામ ઉતારામાં દાખલ કરવાની વાત કરતા પતિએ ઉશ્કેરાઈ જઈને મારઝુડ કરી હતી.પતિ ગાંધીનગર પાઠ્યપુસ્તક મંડળમાં કોન્ટ્રાકટ બેઝ પર નોકરી કરે છે. પતિ પગારમાંથી એક પણ રૂપીયો ઘર ખર્ચ માટે ના આપતા ફરીયાદી મહિલાએ દાગીના અને કપડા વેંચ્યા હતા તેવો આક્ષેપ કર્યો છે. લગ્નથી અત્યાર સુધી જમવાનું બનાવતા નથી આવડતુ કહીને પરેશાન કરતા હતા. જયારે પતિ વારંવાર ઝઘડો કરીને પિયરમાં મુકવા માટે આવે ત્યારે કેનાલમાં નાંખી દેવાની ધમકી આપતો હતો. પતિ પિયરમાંથી ૫૦ હજાર લઈને આવતા કહેતો હતો. પાંચ માસ પહેલા મહિલાના ભાઈ બિમાર પડતા ખબર પુછવા જવાનું કહેતા સાસુ અને ત્રણેય નણંદો ફરીયાદી સાથે ઝઘડો કર્યો હતો. જે બાદ પતિ મહિલાને પિયરમાં મુકી ગયો હતો. ફરીયાદીના પરિવારે સમાધાનના પ્રયત્નો કરવા છતા સાસરીવાળા તેમને લઈ જતા નથી. જેથી આખરે કંટાળેલી મહિલાએ સમગ્ર મુદ્દે પતિ, સાસુને ત્રણેય નણંદો સામે પોલીસ મથકે ફરીયાદ નોંધાવી છે.

## શહેરની સુહાગણો દ્વારા કરવાચોથની વર્ચ્યુઅલ પૂજા કરવામાં આવી





ગાંધીનગર, તા.૪

આસો વદ કડવા ચોથ આજે શહેરની તમામ સુહાગણો દ્વારા ઉજવાઈ. આજના દિવસે કોરોનાનો કારણે સુહાગણો દ્વારા ઓનલાઈન પૂજા કરવામાં આવી હતી. સે-૨ સ્થિત ભૂમિબેન જોગાણી દ્વારા દર વર્ષે કરાવાતી પૂજામાં આ વર્ષે ઓનલાઈન ગાંધીનગર ઉપરાંત અમદાવાદ, કલોલ, મહેસાણા સહિત વિદેશની ૧૩૫ જેટલી મહિલાઓ ઝૂમ મીટીંગ દ્વારા જોડાઈ હતી. તમામ સુહાગણોએ સોળે શણગાર સજીને વર્ચ્યુઅલ પૂજામાં ભાગ લીધો હતો અને કરવરા ગીત સાથે વ્રતની વાર્તા ઓનલાઈન જ સાંભળી વિધિવત પૂજા કરી હતી. પૂજાના અંતે માતાજીનો જયકાર બોલાવી સુહાગણો દ્વારા પોતાના પતિના દીર્ઘાયુષ્ય માટે પ્રાર્થના કરવામાં આવી હતી.



ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં જવાના માર્ગોનું રીપેરીંગ અને પેવરીંગ કામ અવારનવાર કરવામાં આવે છે પરંતુ જાણે તેમાં કંઈ ભલીવાર આવતો નથી. સિવિલ હોસ્પિટલના પાછળના ભાગે આવેલા માર્ગ ઉપર રોડ તુટેલો હોવાથી ત્યાં પાણી ભરાઈ રહે છે. દર્દીઓ અને તેમના સગાઓને નાછૂટકે આ ખાડામાંથી પસાર થવું પડે છે.

## પોસ્ટ ઓફિસ ખાતાનું બેલેન્સ ૫૦૦ રૂપિયા અથવા તેથી વધુ સુધીનું કરવા અંગે

ભારતીય ટપાલ વિભાગ ગાંધીનગર ડિવીઝનના સીનીયર સુપ્રિટેન્ડન્ટ ઓફ પોસ્ટ ઓફિસિસ દ્વારા સર્વે શહેરીજનોને જણાવવામાં આવ્યું છે કે ભારત સરકારે હવે પોસ્ટ ઓફિસ સેવિંગ્સ બેંકના ખાતાઓ માટે રૂપિયા ૫૦૦ની ન્યુનતમ સિલક જાળવવાનું નક્કી કર્યું છે. આ લઘુત્તમ રકમ જાળવવામાં નિષ્ફળતાના પરિણામે રૂ. ૧૦૦ની વાર્ષિક ફી તથા ૧૮ રૂપિયા જીએસટીની કપાત થશે અને આવી ફી બાદ કર્યા પછી જયારે ખાતું શૂન્ય થઈ જશે ત્યારે આવા ખાતા આપમેળે બંધ થઈ જશે. અગવડતા ન થાય તે માટે ૫૦૦ રૂપિયાથી ઓછી રકમવાળા ખાતાના થાપણદારોને તા. ૧૧ ડિસેમ્બર સુધીમાં તેમના ખાતાનું બેલેન્સ ૫૦૦ રૂપિયા તથા તેથી વધુ કરાવી લેવું.

## યોગી સીટીબસમાં કોરોના ગાઈડલાઈનનું સરેઆમ ઉલ્લંઘન

### બસમાં ભરચક મુસાફરો થકી સંક્રમણનો ખતરો : થર્મલ સ્ક્રીનીંગ, સેનેટાઈઝર તથા માસ્કનો ઉપયોગ જ નથી, સ્વાસ્થ્ય વિભાગના આંખ આડા કાન

ગાંધીનગર, તા.૪

ગાંધીનગર શહેરમાં અનલોકની અમલવારીનો અમલ કરવામાં બેદરકારી સામે આવી રહી છે. શહેરની યોગીસીટી બસના વહીવટીતંત્ર બેફિકર બની બસોનું સંચાલન કરતા હોવાનું મુસાફરો જણાવી રહ્યા છે. કોરોના મહામારી પછી અનલોક શરૂ થયું છે જેમાં કોરોના ગાઈડલાઈનનું ચુસ્તપણે પાલન જરૂરી છે છતાં સીટીબસમાં ભરચક મુસાફરો બેસાડી સંક્રમણના ખતરાને આમંત્રણ અપાઈ રહ્યું છે. વધુમાં ડેપોમાં કે સીટીબસમાં થર્મલ સ્ક્રીનીંગ, સેનેટાઈઝર કે માસ્કનો ઉપયોગ જ થતો નથી જેમાં સ્વાસ્થ્ય વિભાગનું સમયાંતરે નિરીક્ષણ ન હોવાનું મુસાફરો કારણ બતાવી રહ્યા છે.

ગાંધીનગર જિલ્લામાં કોરોનાના કુલ પોઝિટિવ કેસનો આંકડો ૫૦૦૦ નજીક પહોંચવા આવ્યો છે ત્યારે તેનું સંક્રમણ અટકાવવા કોરોના ગાઈડલાઈન તંત્ર દ્વારા બહાર પાડવામાં આવી છે જેથી અનલોક દરમિયાન કોરોના ચેપ વધુ ન ફેલાય. પરંતુ ગાંધીનગર મહાનગરપાલિકા સંચાલિત યોગી સીટી બસના સંચાલકો દ્વારા કમાણીની લાલચમાં કોરોના ગાઈડલાઈનનું પાલન થતું જ નથી. જે કારણે મુસાફરોમાં કોરોના સંક્રમણનો ખતરો વધી ગયો છે.

યોગી સીટીબસ હાલમાં ચાંદખેડા, ચિલોડા, પેથાપુર, ધમાસણા વગેરે જેવા અનેક રૂટો ઉપર ભરચક મુસાફરો બેસાડી બસો ચલાવી રહ્યા છે. જેમાં સીટીબસના ડેપોમાં કે બસમાં થર્મલ સ્ક્રીનીંગ, સેનેટાઈઝર કે માસ્કનો આગ્રહ રાખવામાં જ આવતો નથી વધુમાં બસના ડ્રાયવર કે કંડકટરો માસ્ક જ પહેરતા ન હોવાનું મુસાફરો ફરીયાદ કરી રહ્યા છે. બસમાં કેપીસીટીના પચાસ ટકા મુસાફરો જ બેસાડવાની મંજુરી હોવા છતાં સંચાલકો ખીચોખીચ મુસાફરો બેસાડી રહ્યા છે. આ અંગે સીટીબસના મેનેજર અરવિંદસિંહે જણાવ્યું હતું કે માસ્ક પહેરવાની કડક સુચનાનો અમલ બુધવાર સવારથી જ કરી દેવામાં આવ્યો છે તેમજ શહેરમાં સ્ટેન્ડ નજીક નજીક હોવાથી મુસાફરોની કેપીસીટી જાળવવી અઘરી બને છે છતાં વધારાની ચાર બસો મુકી કેપેસીટી જળવાય તે ધ્યાનમાં રાખવામાં આવશે.

સીટીબસના ડેપોમાં વધારાની અનેક બસો એમ જ ઉભી રહે છે પરંતુ સંચાલકો ખર્ચ વધવાની બીકે ચલાવતા નથી જો કે આ તમામ બાબતો અંગે સ્વાસ્થ્ય વિભાગ દ્વારા સમયાંતરે નિરીક્ષણ જ થતું ન હોવાથી આવા સંજોગો સર્જાયા છે તેવું મુસાફરો જણાવી રહ્યા છે.

## ચિરવિદાય

● મુકિતધામ ●

- સ્વ. ઈન્દુબેન નટવરભાઈ પરમાર, ઉ.વ. ૫૫, કલોલ, જી. ગાંધીનગર
- સ્વ. રાઠોડ જીલુસિંહ ઉદાજી, ઉ.વ. ૬૬, દોલારાણાવાસણા, તા. ગાંધીનગર
- સ્વ. કંચનબેન રસિકલાલ શાહ, ઉ.વ. ૮૫, દહેગામ, જી. ગાંધીનગર
- સ્વ. પટેલ રૂખીબેન જીવણભાઈ, ઉ.વ. ૮૭, માણસા, જી. ગાંધીનગર